RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 109 Date: 10.02.2024 Saturday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# નાટો દેશો મળીને પણ હરાવી ના શક્યા, અમારી તાકાતથી વાકેફ થયા : પુતિન



નવી દિલ્હી,તા. ૯

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું કે, અમેરિકા, યુરોપ અને નાટોને પણ રશિયાની તાકાતનો ખ્યાલ આવી ગયો છે. પુતિન અમેરિકન ન્યૂઝ ચેનલ ફોક્સ ન્યૂઝના હોસ્ટ ટ્રકર કાર્લસનને ઈન્ટરવ્યુ આપી રહ્યા હતા. કાર્લસન પશ્ચિમી મીડિયામાં જાણીતો ચહેરો છે. આ ઈન્ટરવ્યુ આપતા રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું કે, યુક્રેનમાં રશિયાને હરાવવું અસંભવ છે અને આવી સ્થિતિમાં નાટોએ પણ સ્વીકારવું જોઈએ કે યુક્રેન પર રશિયાનો કબજો છે. અમેરિકા, નાટો અને યુરોપને પણ ખબર પડી ગઈ છે કે, રશિયાની તાકાત શું છે. ફેબ્રુઆરી ૨૦૨૨માં યુક્રેન પર થયેલા હુમલાનો બચાવ કરતા તેમણે કહ્યું કે, પશ્ચિમી દેશોની મદદથી પણ રશિયાને હરાવી શકાય નહીં. કાર્લસને પોતાના બે કલાકના ઈન્ટરવ્યુ દરમિયાન પુતિનને અનેક પ્રશ્નો પૂછ્યા હતા. જેમાંથી એક સવાલ હતો કે, શું રશિયા પોલેન્ડ અને લાતવિયા પર પણ અટેક કરવાનો પ્લાન બનાવી રહ્યાં છે? મહત્વનું છેકે, પોલેન્ડ અને લાતવિયા પણ નાટોના સભ્ય દેશો છે. આ સવાલના જવાબ પર રાષ્ટ્રપતિ પુતિને કહ્યું કે, મને પોલેન્ડ અને લાતવિયામાં કોઈ રસ નથી. માત્ર આ બે દેશો જ નહીં, અન્ય કોઈ દેશમાં અમને કોઈ રસ નથી. શા માટે આપણે હુમલો કરીશું? યુદ્ધ એક સ્થિતિમાં જ થઇ શકે છે. જો પોલેન્ડ હુમલો કરશે તો રશિયાએ જવાબ આપવો પડશે. કાર્લસને એક વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટર ઈવાન ગેર્શકોવિચ વિશે પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા અને પૂછ્યું હતું કે શું તેને મુક્ત કરી શકાય છે? મહત્વનું છેકે, ઈવાન ગેર્શકોવિચ પત્રકારની જાસૂસીના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. જોકે, જાસૂસીની બાબતને વોલ સ્ટ્રીટ જર્નલે પણ નકારી કાઢી હતી.

જેના પર પુતિને કહ્યું કે, આ મામલાને ઉકેલવામાં કોઈ સમસ્યા નથી. અમે આનો ઉકેલ ઈચ્છીએ છીએ અને ખાસ ચેનલ દ્વારા વાતચીત પણ ચાલી રહી છે. ટૂંક સમયમાં ઉકેલ શોધવો જોઈએ. પુતિને કહ્યું કે, અત્યાર સુધી એવુ સાંભળવવામાં આવ્યુ હતુ કે, રશિયાને હરાવવા માટે ઘણા દેશો સાથે મળીને રણનીતિ તૈયાર કરી રહ્યા છે. હવે તેઓને પણ વાસ્તવિકતા ખબર પડી ગઈ છે. ટ્રમ્પના શાસન દરમિયાન પણ અમેરિકા યુક્રેનને ઘણી મદદ કરતું હતું. પુતિને કહ્યું, અમેરિકા વારંવાર કહે છે કે યુદ્ધ બંધ થવું જોઈએ. પરંતુ ખરેખર જો તે યુદ્ધ બંધ કરવા ઈચ્છે છે, તો તેણે પહેલાં તો યુક્રેનને હથિયારો સપ્લાય કરવાનું બંધ કરી દેવુ જોઈએ. અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણી વિશે વાત કરતા પુતિને કહ્યું, એવું લાગે છે કે, ત્યાં પરિવર્તન થવાનું છે. ટ્રમ્પ અંગે તેમણે કહ્યું કે જો તેઓ રાષ્ટ્રપતિ બને છે તો તેમનામાં ૨૪ કલાકમાં યુદ્ધનો ઉકેલ લાવવાની ક્ષમતા છે.

## કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય, ૧૨,૩૪૩ કરોડ રૂપિયાના રેલવે પ્રોજેક્ટને મંજૂરી, ગુજરાતને પણ થશે ફાયદો

આર્થિક બાબતોની મંત્રીમંડળ સમિતિએ રેલવે મંત્રાલયના છ પ્રોજેક્ટને મંજૂરી આપી છે, જેની અંદાજિત કિંમત અંદાજે ૧૨,૩૪૩ કરોડ રૂપિયા છે. કેન્દ્ર સરકારે ગુરુવારે એક નિવેદનમાં આ માહિતી આપી હતી.મંત્રીમંડળ સમિતિ દ્વારા મંજૂર કરાયેલા પ્રોજેક્ટ્સને કેન્દ્ર સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવશે. વડાપ્રધાન મોદીએ કેન્દ્રીય કેબિનેટ દ્વારા લેવામાં આવેલા વિવિધ નિર્ણયોની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'રેલ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવાથી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ મળશે અને વ્યસ્ત માર્ગો પર ભીડ ઘટશે. આ પ્રોજેક્ટ્સ વાણિજ્ય તેમજ કનેક્ટિવિટીમાં સુધારો કરશે.' રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવે 'ઠ' પર પોસ્ટ કરીને લખ્યું કે, ×રાજસ્થાન, આસામ, તેલંગાણા, ગુજરાત, આંધ્રપ્રદેશ અને નાગાલેન્ડમાં રૂ. ૧૨,૩૪૩ કરોડના છ 'મલ્ટી ટ્રેક' પ્રોજેક્ટને મંજૂરી આપવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર.×નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રોજેક્ટ્સ કામગીરીને સરળ બનાવશે અને ભીડ ઓછી કરશે. આ ઉપરાંત ભારતીય રેલ્વેના સૌથી વ્યસ્ત વિભાગો પર જરૂરી માળખાકીય વિકાસ થશે.



## ગ્રીન, બ્લ્યુ અને યલ્લોરૂફ પોલિસી લાવી મિલકતવેરામાં દસ ટકા રિબેટ અપાશે

ગાંધીનગર : ગાંધીનગર કોર્પોરેશનની સ્થાયી સમિતિમાં આજે બજેટ મંજુર કરાયા બાદ સમિતિએ સુચનો પણ કર્યા હતા જેમાં અમદાવાદની જેમ ગાંધીનગરમાં પણ ગ્રીન, બ્લુય અને યલ્લોરૂફ પોલિસી અમલમાં મુકીને નાગરિકોને વેરામાં દસ ટકા રિબેટ આપવા માટે ભલામણ કરી છે.આ પોલિસી ઉપર નજર કરીએ તો, અમદાવાદની પેટર્ન પ્રમાણે ગ્રીન રૂફ એટલે કે સ્વતંત્ર માલિકીની મિલકતમાં દસ ટકા ભાગ વૃક્ષારોપણ અને ફુલછોડથી કવર કરેલો હોવો જોઈએ જ્યારે બ્લુયરૂફ મુજબ ધાબા ઉપર એકત્ર થતુ વરસાદી પાણી જમીનમાં ઉતરે તેવી વ્યવસ્થા હોવી જોઈએ તો યલ્લો રૂફ મુજબ ધાબા ઉપર ઓછામાં ઓછી એક કિલો વોટની સોલાર સિસ્ટમ લગાવેલી હોવી જોઈએ આ ત્રેણય રૂફ હશે તેને વેરામાં દસ ટકા રિબેટ આપવામાં આવશે. કોઈ એક વ્યવસ્થા હશે તેને મિલકતવેરામાંથી ત્રણ ટકા રિબેટ આપવામાં આવશે. નવી મિલકતવેરાની સોફ્ટવેર સિસ્ટમમાં આ પેટર્ન લાગુ કરવા માટે ભલામણ કરવામાં આવી છે પરંતુ તેનો નિયમો માટે વધુ અભ્યાસ કરવો પડશે કેમકે સ્વતંત્ર માલિકીના પ્લોટમાં જ આ રિબેટ મળવાપાત્ર છે તો ફ્લેટની મોટી સ્કિમ બાબતે કોઈ નિર્ણય લેવાય છે કે કેમ તે જોવુ રહ્યું.

## ચૂંટણી પ્રચાર-યાત્રા પર ભાજપે ખર્ચ્યા ૧૩૬૧ કરોડ, કોંગ્રેસની 'આમદની અઠન્ની, ખર્ચા રૂપૈયા' જેવી સ્થિતિ



રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી પંચને આપવામાં આવેલી આવક અને ખર્ચની વિગતો મુજબ ભાજપને મળતા દાનમાં નોંધપાત્ર વધારો થયો છે. ભારતીય જનતા પાર્ટી (ભ્તૅ) ને ૨૦૨૧-૨૨ની સરખામણીમાં ૨૦૨૨-૨૩માં ૨૩ ટકા વધુ દાન મળ્યું છે. જેમાં તેને કુલ રૂ. ૨૩૬૧ કરોડની આવકમાંથી ૫૪ ટકા રકમ ચૂંટણી બોન્ડમાંથી મળી હતી. જો ખર્ચની વાત કરીએ તો તેમાં પણ જબરદસ્ત વધારો થયો છે. ભાજપે ૧૩૬૧ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા જે ગયા વર્ષ કરતા ૫૯ ટકા વધુ છે. પાર્ટીના વાર્ષિક ઓડિટ રિપોર્ટ અનુસાર ભાજપે પ્રચાર પર ૮૪૪ કરોડ રૂપિયા અને પ્રવાસ પર ૧૩૨ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા.અહેવાલ અનુસાર, ભાજપને એક વર્ષમાં ઈલેક્ટોરલ બોન્ડથી ૧૨૯૪ કરોડ રૂપિયા મળ્યા હતા, જે ગયા વર્ષની સરખામણીમાં ૨૫ ટકા વધુ છે. આ સિવાય વ્યક્તિગત દાન, કોર્પોરેટ અને ઈલેક્ટોરલ ટ્રસ્ટ પર મળતી રકમમાં ઘટાડો થયો હતો. ભાજપની આ આવક ૭૨૧.૭ કરોડથી ઘટીને ૬૪૮ કરોડ થઈ ગઈ છે. આ સિવાય પાર્ટીને લાઈફ ટાઈમ સપોર્ટ ફંડથી ઘણો ફાયદો થયો છે. જેમાં અંદાજે ૯ ગણો વધારો થયો છે.ખર્ચની વાત કરીએ તો ભાજપે ૨૦૨૨-૨૩માં બજેટનો ૮૦ ટકા હિસ્સો ચૂંટણી અને સામાન્ય પ્રોપોગેન્ડા પર ખર્ચ કર્યો છે. તેમાં અંદાજે ૧૦૯૨ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ ૨૦૨૧-૨૨ની સરખામણીમાં લગભગ બમણી રકમ છે. જેમાં ૮૪૪ કરોડ રૂપિયા પ્રચાર પાછળ અને ૧૩૨ કરોડ રૂપિયા પ્રવાસ પર ખર્ચવામાં આવ્યા હતા.કોંગ્રેસની વાત કરીએ તો તેને મળતા દાનમાં ઘટાડો થયો છે, જ્યારે ખર્ચમાં વધારો થયો છે. પાર્ટીની હાલત એવી છે કે આવક ઓછી અને ખર્ચ વધુ એટલે કે આમદની અઠન્ની ઔર ખર્ચા રૂપૈયા. એક વર્ષ અગાઉની સરખામણીમાં ૨૦૨૨-૨૩માં ઘટાડો જોવા મળ્યો હતો.

## જુની પેન્શન યોજનાની માંગ સાથે ૧૪મીથી ફરી આંદોલનના મંડાણ

ગાંધીનગર : સરકારના લાખો કર્મચારીઓ જુની પેન્શન યોજના લાગુ કરવા માટે લડત ચલાવી રહ્યા છે ત્યારે વિધાનસભા ચૂંટણી બાદ હવે લોકસભાની ચૂંટણી આવતા કર્મચારીઓ લડતને આક્રમક બનાવવા તૈયાર થઇ ગયા છે. તા.૧૪મી ફેબ્રુઆરીથી અલગ અલગ કાર્યક્રમો ગુજરાત રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચા દ્વારા જાહેર કરવામાં આવ્યા છે જેને સચિવાલય ફેડરેશન દ્વારા ટેકો આપવામાં આવ્યો છે.

રાજ્યમાં ડિસેમ્બર ૨૦૨૨માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી પહેલા સરકાર દ્વારા જુની પેન્શન યોજના લાગુ કરવામાં આવે તે માટે કર્મચારીઓ દ્વારા મોટું આંદોલન શરૂ કરાયું હતુ જે કે, સરકારે કર્મચારીઓને પેન્શન યોજના લાગુ કરવા માટે આશ્વાસન પણ આપ્યું હતું પરંતુ તેમાંથી એક પણ માંગણી સંતોષમાં આવી ન હતી અને વિધાનસભાની ચૂંટણી પણ પુરી થઇ ગઇ અને નવી સરકારે એક વર્ષ પણ પુર્ણ કરી દીધું છે ત્યારે રાજ્યના લાખ્ખો કર્મચારીઓના પ્રશ્ન હજી પડતર જ રહેવા પામ્યા છે અને કર્મચારીઓની જુની પેન્શન યોજનાની માંગ ઉભીને ઉભી છે ત્યારે આગામી સમયમાં લોકસભાની ચૂંટણી આવવાની છે ત્યારે કર્મચારીઓ આ વખતે માંગણીઓ પુરી કરાવવા માટે મેદાને ઉતરી પડયા છે. આગામી તા.૧૪મીથી કર્મચારી સંયુક્ત મોરચા દ્વારા આંદોલાત્મક કાર્યક્રમો જાહેર કરવામા આવ્યા છે જેમાં ૧૪ અને તા.૧૫મીએ કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરીને ફરજ બજાવશે.તા.૧૬મીએ કાળા કપડા ધારણ કરી ફરજ બજાવશે અને તા.૨૩મીએ ગાંધીનગરમાં બપોરે બાર વાગે કર્મચારીઓ દ્વારા સામૂહિક ધરણા કરવામાં આવશે. આ લડતને ગુજરાત સચિવાલય ફેડરેશન દ્વારા પણ ટેકો જાહેર કરવામાં આવ્યો છે ત્યારે સરકાર શું નિર્ણય કરે છે તે જોવું રહ્યું.

## રાજ્યસભા ઈલેક્શન : ભાજપ નવા ચહેરા-મહિલાને તક આપી શકે છે, ટિકિટમાં કોની લોટરી લાગશે, અટકળો શરુ..!



અમદાવાદ,તા.૯

ગુજરાતમાં ભાજપના બે-કોંગ્રેસના બે સભ્યોની મુદત પૂર્ણ થઇ છે ત્યારે આગામી ૨૬મી ફેબુ?આરીએ આ ચાર બેઠકો માટે ચૂંટણી યોજાનાર છે. રાજ્યસભાની ખાલી પડેલી ચાર બેઠકોની ચૂંટણીને લઈને આજે જાહેરનામુ પ્રસિધ્ધ થયુ છે. આ જોતાં હવે ભાજપ રાજ્યસભામાં કોને મોકલશે તે અંગે રાજકીય અનુમાનોનો દોર શરૂ થયો છે. એવી ચર્ચા છેકે, ભાજપ એક મહિલા સહિત નવા ચહેરાને રાજ્યસભાના ઉમેદવાર તરીકે તક આપી શકે છે. ભાજપના ચારેય ઉમેદવાર બિનહરીફ જાહેર થશે, કોંગ્રેસ ઉમેદવાર નહી ઊભા રાખે, ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થયુંભાજપના રાજ્યસભાના સભ્ય કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા, પુરુષોત્તમ રુપાલા ઉપરાંત કોંગ્રેસના અમી યાજ્ઞિક અને નારણ રાઠવાની મુદત પૂર્ણ થઇ છે. આ ખાલી પડેલી ચાર બેઠકો માટે તા.૨૬મી ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાશે. આજે ચૂંટણીપંચે જાહેરનામુ પ્રસિધ્ધ કર્યુ છે. વિધાનસભામાં સભ્ય સંખ્યાબળને જોતાં કોંગ્રેસે રાજ્યસભાની ચૂંટણીમાં ઉમેદવાર ઉભા નહી રાખવા નક્કી કર્યુ છે. આ જોતાં ભાજપના ચારેય ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થાય તે વાત નક્કી છે.

## ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં ૩૨,૫૯૦ કિલોગ્રામ ડ્રગ્સનો જથ્થો ઝડપાયો, જેની કિંમત ૫,૩૩૮ કરોડ

ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં ૫૩૩૮ કરોડ રૂપિયાનો ૩૨,૫૯૦ કિલોગ્રામનો ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપાયો છે, જે અંગે રાજ્ય સરકારે વિધાનસભામાં જણાવ્યું હતું. ડ્રગ્સની હેરાફેરી રોકવા માટે ગુજરાત પોલીસે આંતરરાજ્ય ઓપરેશન પણ કર્યા છે એવી માહિતી અપાઇ હતી.રાજ્યના દેવભૂમિ દ્વારકા અને વડોદરામાંથી ઝડપાયેલા ડ્રગ્સ અંગે વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં મંત્રીએ જણાવ્યું



હતું કે રાજ્યમાં ડ્રગ્સનું દૂષણ રોકવા માટે વિભાગે અનેક પ્રયાસો કર્યા છે. આ બન્ને જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૧.૮૦ કરોડનો વિવિધ ડ્રગ્સ ઝડપીને ૧૦૦થી વધઘુની ધરપકડ કરાઇ છે.રાજ્ય સરકારે ખાસ કરીને સરહદી જિલ્લા એવા દેવભૂમિ દ્વારકા અને શૈક્ષણિક નગરી વડોદરામાં ડ્રગ્સ પકડવાના અભિયાનને વધુ ઝડપી બનાવ્યું છે. આ અભિયાનના ભાગરૂપે ગુજરાત પોલીસે ઓરિસ્સાના બે ભાઈઓ અનિલ અને સુરેશ સામે ગાંજાની ગેરકાયદેસર હેરાફેરી માટે દ્નઢૅજી એક્ટ હેઠળ કેસ નોંધી પ્રથમવખત તેમની સંપત્તિ સીઝ કરી છે.

*તંત્રી લેખ......*

# વડાપ્રધાનનો જવાબ

હાલની લોકસભાનું આખરી સત્ર જ્યારે સમાપન નજીક છે ત્યારે આ સદનમાં રાષ્ટ્રપતિના ભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવની ચર્ચાનો જવાબ આપતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે કંઈ કહ્યું, તેના ઊંડા રાજકીય અર્થ છે. પોતાના વક્તૃત્વ કૌશલ્યનો ઉપયોગ કરતાં અસલમાં તેમણે એક રીતે આગામી લોકસભા ચૂંટણીની પૂર્વભૂમિકા બાંધી દીધી. દેખીતું છે, તેમણે આ અવસરે જે આત્મવિશ્વાસનું પ્રદર્શન કર્યું, તેની પાછળ વિપક્ષને ચિંતામાં નાખવાની સાથે સાથે એનડીએને પ્રોત્સાહિત કરવાની એક સુવિચારિત રણનીતિ હતી. ઉલ્લેખનીય છેકે જે સમયે વડાપ્રધાન જવાબ આપવા માટે લોકસભામાં ઊભા થયા, તેના થોડા કલાક પહેલાં ઝારખંડમાં વિપક્ષી ગઠબંધને ન માત્ર પોતાની સરકાર બચાવવામાં સફળતા મેળવી, બલ્કે ચંડીગઢના મેયરની ચૂંટણીના મુદ્દે સુપ્રીમ કોર્ટની ટિપ્પણી પણ સત્તારૂઢ ભાજપ માટે બહુ સુખકર ન હતી. એવામાં પોતાના કાર્યકર્તાઓના મનોબળને ટકાવી રાખવા અને વિપક્ષના ઉત્સાહને ઠંડો કરવા માટે તેમણે એનડીએ આ વખતે ૪૦૦ પારનું સૂત્ર આપી દીધું. હાલની લોકસભાને જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ના ખાતમાનું શ્રેય જાય છે, તેથી ૩૭૦ સીટો પર ભાજપની જીતનો તેમનો દાવો એક મનોવૈજ્ઞાનિક સંદેશ આપવાની કોશિશ છે.એ સ્વાભાવિક હતું કે વડાપ્રધાન પોતાના જવાબમાં પાછલાં ૧૦ વર્ષો દરમ્યાન હાંસલ કરેલ પોતાની સરકારની ઉપલબ્ધિઓ ગણાવતા, પરંતુ જે રીતે તેમણે વિપક્ષ અને ખાસ કરીને કોંગ્રેસ પર વ્યંગ બાણ છોડ્યાં, તે સહેતુક જ હતાં. વડાપ્રધાન સારી રીતે જાણે છે કે પોતાના વિપક્ષીને ક્યારેય કમજોર ન આંકવો જોઈએ, વળી આગામી સંસદીય યુદ્ધમાં જે પાર્ટી સાથે તેમનો સૌથી વધુ સીટો પર આમનો-સામનો થવાનો છે

## ૧૪ ફેબ્રુઆરી, ''વસંત પંચમી''નાં દિવસે 'જીવ – જંતુ કલ્યાણ દિવસ' ઉજવવા વિદ્યાર્થીઓને શ્રીજી ગૌશાળાની વિઝીટ કરાવવા શાળા – કોલેજોને જાહેર આમંત્રણ



ભારત સરકારનાં એનિમલ વેલ્ફેર બોર્ડ દ્વારા પણ દ્વારા ''વસંત પંચમી''નાં દિવસે 'જીવ – જંતુ કલ્યાણ દિવસ' ઉજવવા સૌ જીવદયા પ્રેમીઓને અનુરોધ કરવામાં આવ્યો છે. એ નિમિત્તે ૧૪ ફેબ્રુઆરી, ''વસંત પંચમી''નાં દિવસે વિદ્યાર્થીઓને શ્રીજી ગૌશાળાની વિઝીટ કરાવવા શાળા – કોલેજોને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

રાજકોટમાં છેલ્લા ૨૫ 'વર્ષથી શ્રીજી ગૌશાળા' ચલાવવામાં આવે છે. ગૌશાળાનાં સ્વાવલંબન માટે ગોબર, ગૌમૂત્ર અને પંચગવ્ય દ્વારા ૬૩ થી વધુ ગૌ પ્રોડકટસ બનાવવામાં આવે છે. ગૌમાતાના ગોબર અને ગૌમૂત્રમાંથી દવા બનાવીને કેન્સર, કિડની, માઈગ્રેન જેવી ગંભીર બીમારીઓ સાથે ૧૪૮ પ્રકારના અન્ય રોગો પર પણ લોકોને ફ્રી દવા આપવામાં આવે છે જેમાં અત્યાર સુધીમાં ૭ લાખથી વધુ દર્દીઓને લાભ લીધો છે. સ્કૂલના બાળકોને ગૌશાળાએ બોલાવીને તેમને ગાયો વિશે અવારનવાર પ્રશિક્ષણ આપવામાં આવે છે.ગૌમાતાનું માત્ર ધાર્મિક રીતે નહિ પંરતુ વૈજ્ઞાનિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ઔષધિય મહત્વ પણ આપણે સૌ એ સમજવું જોઈએ ત્યારે આવો આગામી તા. ૧૪ ને બુધવારે વસંત પંચમીનાં દિવસે રાજકોટ, જામનગર હાઈવે, ન્યારા પાસે આવેલી શ્રીજી ગૌશાળાની મુલાકાત લઈને વિવિધ પરિમાણોથી ગૌ મહિમા સમજતા ગાય પ્રતિ કરુણા સાથે એના કલ્યાણ માટે પ્રવૃત્ત થઈને એનીમલ વેલ્ફેર બોર્ડ દ્વારા ઘોષિત વસંત પંચમી 'જીવ જંતુ કલ્યાણ દિવસ' ને સફળ બનાવીએ.

## ૧૦ ફેબ્રુઆરી, "વિશ્વ કઠોળ દિવસ"



વિશ્વ કઠોળ દિવસ શરૂ કરવા પાછળનો હેતુ સંયુક્ત રાષ્ટ્રનાં 'ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન'નાં નેતૃત્વ હેઠળ કઠોળનાં પોષણ અને પર્યાવરણીય ફાયદાઓ વિશે જાગૃતિ લાવવાનો હતો. પ્રથમ વખત આ દિવસ ૨૦૧૬ માં ઉજવવામાં આવ્યો હતો ત્યારબાદ વર્ષ ૨૦૧૯ માં ૧૦ ફેબ્રુઆરીને 'આંતરરાષ્ટ્રીય કઠોળ દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. 'વિશ્વ કઠોળ દિવસ'ની ઉજવણી પાછળનો હેતુ જમીનની ઉત્પાદકતા અને કઠોળની ઉત્પાદકતા, ખેતી પ્રણાલીમાં સ્થિતિસ્થાપકતા, ખેડૂતો માટે સારું જીવન અને યોગ્ય ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન આપવાનો છે.આજકાલ આપણા બધાની જીવનશૈલીમાં ફાસ્ટ ફૂડનું પ્રમાણ ઘણું વધી ગયું છે, જેના કારણે આપણા આહારમાં કઠોળનો ઉપયોગ ઓછો થઈ રહ્યો છે. જેના કારણે શરીરને સંપૂર્ણ પોષણ મળતું નથી અને બાળકો અને યુવાનો સહિત દરેકનાં સ્વાસ્થ્યને અસર થાય છે. કઠોળના સેવનથી લોહી શુદ્ધ થાય છે, પાચન તંત્ર મજબૂત થાય છે, હાડકા મજબુત બને, વજન કંટ્રોલમાં રહે વગેરે જેવા મહત્વના ફાયદાઓ થાય છે.

આજકાલ કસરતી શરીર બનાવવા માટે યુવાનો નોનવેજ ખાતા થઇ ગયા છે, પરંતુ નોનવેજમાં સૌથી વધુ પ્રોટીન ૧૦૦ ગ્રામ ચિકનમાં ૩૨.૮ ગ્રામ ઉપલબ્ધ છે જયારે કઠોળમાં આવતા સોયાબીનમાં ૩૬ ગ્રામ પ્રોટીન હોય છે. આથી શાકાહાર સંપૂર્ણ આહાર છે એ સાબિત થાય છે.

કઠોળનો ઉપયોગ ઓછામાં ઓછા ૧૦ હજાર વર્ષોથી કરવામાં આવે છે અને તે વિશ્વમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતા ખોરાકમાંનો એક છે. કઠોળ પ્રોટીન અને ફાઈબર તેમજ આયર્ન, ઝિંક, ફોલેટ અને મેગ્નેશિયમ જેવા વિટામિન્સ અને ખનિજોનો નોંધપાત્ર સ્ત્રોત પૂરો પાડે છે અને દરરોજ અડધો કપ કઠોળ અથવા વટાણાનું સેવન કરવાથી આ પોષક તત્વોનાં સેવનમાં વધારો કરીને આહારની ગુણવત્તામાં વધારો થઈ શકે છે.

મિત્તલ ખેતાણી

# ૩૫ માં આંતરરાષ્ટ્રીય માનવ એકતા સંમેલન આયોજનથી વિશ્વભરના લોકો માં માનવ એકતા ની ભાવના જાગૃત થઈ




નવી દિલ્હી: વિશ્વ એકતા, પરસ્પર પ્રેમ અને ભાઈચારાને સંપૂર્ણ વિશ્વભરમાં ફેલાવવાના ઉદ્દેશ્યથી ૩૫ માં આંતરરાષ્ટ્રીય માનવ એકતા સંમેલન નું આયોજન સાવન કૃપાલ રૂહાની મિશનના પ્રમુખ સંત રાજીન્દર સિંહજી મહારાજ ની અધ્યક્ષતામાં કૃપાલ બાગ દિલ્હીમાં કરવામાં આવ્યું. આ ત્રણ દિવસીય સંમેલનમાં ૪ થી ૬ ફેબ્રુઆરીના દરમિયાન વિભિન્ન ધર્મના ધર્માચાર્ય અને આંતરરાષ્ટ્રીય વક્તા એક સામૂહિક મંચ પર એકત્રિત થયા જ્યાં તેમણે આજના સમયની સૌથી મહત્વપૂર્ણ જરૂરિયાત આર્થિક શાંતિ તથા અધ્યાત્મ દ્વારા માનવ એકતા ને મેળવવાના વિષયમાં પોતાના વિચાર વ્યક્ત કર્યા.

આ સંમેલનમાં દેશ-વિદેશથી આવેલા લાખોની સંખ્યામાં ભાઈ બહેનોએ ભાગ લીધો. આ અવસર પર પાછલી સદીના મહાન પરમ સંત કૃપાલ સિંહજી મહારાજ નો ૧૩૦ મો જન્મોત્સવ મનાવવામાં આવ્યો જેમણે વિશ્વના દરેક ખૂણામાં રૂહાનિયતનો પ્રચાર અને પ્રસાર કર્યો. આ વર્ષ માનવ એકતા આંદોલનની ૫૦ મી વર્ષગાંઠ છે કેમકે પરમ સંત કૃપાલસિંહજી મહારાજે ૧૯૭૪માં પહેલા માનવ એકતા સંમેલનનું ઉદઘાટન કર્યું હતું.

સંત રાજીન્દર સિંહજી મહારાજે પોતાના ભાષણમાં પરમ સંત કૃપાલ સિંહજી મહારાજની આ સંમેલન ના પ્રત્યે દૂરદ્રષ્ટિ સમજાવતા કહ્યું કે બધા વર્ગો, માન્યતા, ધર્મ અને દેશોના લોકો આ સામૂહિક મંચ પર એકઠા થઈને એ જાણી શકે છે કે આત્મિક સ્તર પર આપણે બધા એક જ છીએ. આપણી આસ્થા અને રાષ્ટ્રીયતા ના ઉપરાંત ભલે આપણે પરમાત્માનો વિશ્વાસ કરતા હોઈએ કે નહી પરંતુ આપણે બધા માનવતાના સ્તર પર એકબીજાથી જોડાયેલા છીએ.સંત રાજીન્દર સિંહજી મહારાજે કહ્યું કે આપણે દિવ્ય પ્રેમ થી ભરેલી આત્મા છીએ અને આ સંમેલન નું ઉદ્દેશ્ય આપણને એક જ પરમાત્મા ની સંતાન હોવાના કારણે પોતાની આ એકતાને અપનાવવામાં મદદ કરવું છે.

પોતાના સમાપન ભાષણમાં સંત રાજીન્દર સિંહજી મહારાજે બધાને પોતાનું ધ્યાન પિતા પરમેશ્વર પર કેન્દ્રિત કરવા માટે પ્રોત્સાહિત કરતા કહ્યું કે પરમ સંત કૃપાલ સિંહજી મહારાજ દિવ્ય પ્રેમ અને કરુણાના મસીહા હતા. એક કુશળ માળી ના રૂપમાં તેમણે લાખો આત્માઓને પોષણ કરી તેમને અંધકારથી પ્રકાશ તરફ લઈ ગયા. તેઓ ઇચ્છતા હતા કે આપણે એક નૈતિક અને શાંતિપૂર્ણ જીવન જીવીએ જેમાં આપણે પોતાને ઓળખીએ અને પિતા પરમેશ્વર ને મેળવવા ના પોતાના જીવનના ઉદ્દેશને પૂરું કરવા માટે રોજ ધ્યાન અભ્યાસમાં સમય આપીએ. તેમની શિક્ષાઓ પર ચાલવા અને પોતાના જીવનના લક્ષ્યને પૂર્ણ કરવા માટે આપણે આ સંમેલન થી પૂરેપૂરો ફાયદો ઉઠાવવો જોઈએ.

આ સંમેલન દરમિયાન પાંચ ફેબ્રુઆરી ×ધ્યાન અભ્યાસ- આંતરિક શાંતિ તેમજ એકતા ને મેળવવાનો માર્ગ× તથા ૬ ફેબ્રુઆરીએ×કૃપાલ-દિવ્ય પ્રેમ અને કરુણાના મસિહા× વિષયો પર આધ્યાત્મિક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.

અનેક ધાર્મિક નેતાઓ અને વિશ્વના અનેક દેશોમાંથી આવેલા પ્રતિનિધિઓ ને આ સંમેલનમાં પોતાના વિચાર વ્યક્ત કરવા માટે આમંત્રિત કરવામાં આવ્યા. જેમાં જગતગુરુ વિશ્વકર્મા શંકરાચાર્ય સ્વામી દિલીપ યોગીરાજ જી, આદરણીય ફાધર બેન્ટો રોડ્રિક્સ, પંડિત યાદવિન્દરસિંહ જી, શ્રી રવિ પ્રપન્ના ચાર્ય જી, રબ્બી ઈસેકિલ ઈશાક માલેકર, શ્રી વિવેક મુનિજી, સૈયદ ફરીદ અહમદ નિઝામી સાહેબ, મહામંડલેશ્વર ડોક્ટર સ્વામી પ્રેમાનંદ જી, મહામંડલેશ્વર સ્વામી દેવેન્દ્રાનંદ ગીરીજી, શ્રી શ્રી ભગવાન આચાર્યજી અને મહામંડલેશ્વર શ્યામ ચૈતન્ય પુરીજી સામેલ હતા. આંતરરાષ્ટ્રીય વક્તાઓમાં ઓસ્ટ્રેલિયાથી કીમ મૈક ક્રિસ્ટલ, સ્પેન થી જીજસ અંગૂલો, કોલંબિયા થી કાર્લોસ લોજાનો અને અમેરિકાથી હજી હોડારી એ પોતાનો સંદેશ આપ્યો.

આ બધા વક્તાઓએ પોતાના સંદેશમાં વિશ્વ શાંતિ ને પ્રાપ્ત કરવા માટે ધ્યાન અભ્યાસ અને આધ્યાત્મિકતાને અપનાવવાની આવશ્યકતા પર પ્રકાશ પાડ્યો. તેઓએ વિશ્વ ધર્મ ફેલોશિપ તથા માનવ એકતા સંમેલન ના સંસ્થાપક અધ્યક્ષ પરમ સંત કૃપાલ સિંહજી મહારાજ ને પોતાની શ્રદ્ધા સુમન અર્પિત કર્યા.

સંત રાજીન્દર સિંહજી મહારાજ દ્વારા શીખવવામાં આવેલ નિષ્કામ સેવા પરંપરાના અંતર્ગત ૩૮ માં મફત આંખની તપાસ તથા મોતિયા બિંદુ ઓપરેશન શિબિર તથા ૬૨ માં રક્તદાન શિબિર નું આયોજન અનેક ડોક્ટર તથા સ્વાસ્થ્ય કર્મી સેવાદાર ના સહયોગથી કૃપાલ બાગ દિલ્હીમાં કરવામાં આવ્યું. તદુપરાંત જરૂરિયાતમંદ ભાઈ બહેનો માટે વસ્ત્ર વિતરણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. સાવન કૃપાલ રુહાની મિશન ની તરફથી દિલ્હીના અનેક હોસ્પિટલો અને કેટલાય એનજીઓમાં જરૂરિયાત મંદ મરીજો ને ખાવા પીવાની વસ્તુઓ ઉપરાંત દવા તથા ફળો નું વિતરણ કરવામાં આવ્યું. ધ્યાન અભ્યાસ અને આધ્યાત્મિકતા દ્વારા આંતરિક તથા બાહ્ય શાંતિ ને વધારવા માટે સંત રાજીન્દર સિંહજી મહારાજ ને આંતરરાષ્ટ્રીય સ્તર પર સરાહના આપવામાં આવી છે.

## ચાણસ્મા નગરપાલિકા ની ઘોર બેદરકારી સામે આવી કેટલાક વિસ્તારોમાં દિવસે સ્ટ્રીટ લાઇટ ચાલુ તો કેટલાકમાં રાત્રે બંધ

ચાણસ્મા ના કેટલાક મહોલ્લાની સ્ટ્રીટ લાઇટો દિવસે ચાલુ રહેતી હોય છે જ્યારે હાઇવે સર્કલ થી હારીજ રોડ તથા સર્કલથી મહેસાણા તરફ જતા રોડની રાત્રી દરમિયાન સ્ટ્રીટ લાઇટો બંધ રહેતા અંધાર પટ છવાયો હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે

એક બાજુ સરકાર દ્વારા ગ્રામીણ અને શહેરી વિકાસ માટે તેમજ ગ્રામિણ વિસ્તાર ના લોકો ને લાઇટ પાણી આરોગ્ય રોડ સહિત ની પાયાની સવલતો મળી રહે તે માટે વર્ષે દહાડે રાજ્ય સરકાર દ્વારા કરોડો રૂપીયા ની ગ્રાન્ટ ની ફાળવણી કરવામાં આવે છે અને ગ્રામીણ ક્ષેત્રે ગ્રામ પંચાયતો અને શહેરી ક્ષેત્રે નગર પાલિકાઓ ના ઠેકેદારો દ્વારા વિકાસના કામો જેવા કે રોડ સ્ટ્રીટ લાઇટો કે અન્ય સી.સી રોડ જેવા કામો માં ઓછી ગુણવતા વાળુ મટીરીયલ્સ વાપરવામાં આવતાં કેટલાક ગામો માં સી. સી રોડ તો ક્યાંક સ્ટ્રીટ લાઇટ ના બલ્બ આજ રીતે શહેરમાં પણ સ્ટ્રીટ લાઇટો રોડ પાઈપ લાઈન ની પાઈપો સમય થી પહેલાં જ તુટી જાય છે. જેના કારણે ગ્રામીણ અને શહેરી વિસ્તારના લોકોને સુવિધાઓ મળતી બંધ થઈ જતાં મુશ્કેલીનો ભોગ બને છે જેનો ઉત્તમ નમુનો ચાણસ્મા શહેરમાં જોવા મળી રહ્યો છે ચાણસ્મા ના સરદાર ચોક રૂપાણી પૂરા કાનજીદાસ પુરા વિસ્તાર ની સ્ટ્રીટ લાઇટે ધોળા દિવસે ચાલુ હાલત માં જોવા મળે છે જ્યારે ચાણસ્મા હાઇવે સર્કલ થી હારીજ તરફ તેમજ સર્કલ થી મહેસાણા બાજુ જ્યારે ચાણસ્મા



શહેરના નવા સુથાર વાસ તાલુકા પંચાયત વિસ્તાર ઇન્દિરા નગર ના પાછલા ભાગે રાત્રી દરમિયાન સ્ટ્રીટ લાઇટો બંધ હાલત માં જોવા મળતા ખાસ કરીને રાત્રી દરમિયાન હાઇવે સ્ટ્રીટ લાઇટો બંધ રહેતાં અને સર્કલ ઢોળાવવાળુ હોવાથી વાહન ચાલકો ને સર્કલ નો વળૈક લેતાં મોટા ટ્રેલર પલ્ટી જવાના બનાવો અગાઉ બન્યા છે ચાણસ્મા નગરપાલિકા દ્વારા હાઇવે સર્કલ તેમજ શહેર ના અંદરના વિસ્તાર ની સ્ટ્રીટ લાઇટો સત્વરે ચાલુ કરવામાં આવે તેવી વાહન ચાલકો અને નગરજનો દ્વારા માંગ ઉઠવા પામી છે.

નિખિલ જોષી : પાટણ જિલ્લા બ્યુરોચીફ

## ચાણસ્માના વેપારીને વિશ્વાસમાં લીધા બાદ કપાસની ખરીદી કરી નવ લાખની ઠગાઇ કરી

ચાણસ્મા ખાતે આવેલ ગંજબજારમાં પેઢી ધરાવતા ચાણસ્માના એક વેપારીને અમરેલીના ત્રણ વેપારીઓએ પહેલા માલની લે વેચ કરી સમયસર નાણાં ચૂકવી વિશ્વાસમાં લીધા બાદ ૫૯૧ મણ કપાસની ખરીદી કરી બીલ નહી ચુકવી ઠગાઈ કરનાર ત્રણ શખસો સામે ચાણસ્મા પોલીસ મથકે વેપારી દ્વારા ફરીયાદ નોંધાવી હતી

ચાણસ્મા તાલુકાના વતની અને ચાણસ્મા ગંજબજારમાં દિપક ટ્રેડિંગ નામની પેઢી ધરાવતા વેપારી દિપકભાઈ પટેલ અને હીતેશ ભાઇ પટેલ કપાસની લે વેચ નો વ્યવસાય કરે છે ત્યારે અગાઉ અમરેલીના ત્રણ શખ્સો દિપકભાઈ ના સંપર્ક માં આવી કોટનની જથ્થો લઇ ગયા હતા જેનું પેમેન્ટ પણ સમયસર ચુકવણી કરી હોવાથી વેપારીના વિશ્વાસમાં આવી ગયેલા હોય બાદમાં તારીખ ૧૮-૧૨-૨૩ ના રોજ ત્રણ શખ્સો માંથી સુનિલભાઈ તન્નાએ ટેલીફોન પર વાત કરી માલની જરૂર હોવાની વાત કરી હતી તેમજ તેનું બીલ આરટીજીએસ થી આપવાની વાત કરી હતી તેથી વિશ્વાસમાં આવેલ ચાણસ્માના વેપારી દિપકભાઈ પટેલ દ્વારા રૂ ૧૪૬૫ ના ભાવ લેખે ૫૯૧ મણ કપાસની ગાડી ભરાવીને મુકી હતી જેનું બિલ ૯,૦૮,૩૩૬ હતું જોકે બિલ ન મળતા વેપારી દ્વારા અવારનવાર ટેલીફોનિક સંપર્ક કરવા છતાંય માલ ખરીદનાર વેપારીઓ દ્વારા કોઈ જવાબ ન મળતા ચાણસ્મા ના વેપારી દીપકભાઈ તેમજ હિતેશભાઈ દ્વારા અમરેલી ખાતે આવેલ સનાલીયા ખાતેની કોટન મિલમાં ગયા હતા જ્યાં ગયા ત્યારે જાણવા મળ્યું હતું કે કોટન મિલ તો છેલ્લા કેટલાય સમયથી બંધ હોય ત્યારે ચાણસ્મા વ્યાપારીઓને તેઓની સાથે ઠગાઈ થયું હોવાનું જણાવતા ચાણસ્મા પોલીસ મથકે તન્ના સુનિલભાઈ દિલીપભાઈ રહે સનાળીયા સીજી કોટેક્સ તા લીલીયા જી અમરેલી રમેશભાઈ રાજાભાઈ રહે ભાવનગર અને ઠકરાર રાજેશ રણછોડભાઈ રહે જુનાગઢ સામે ચાણસ્મા પોલીસ મથકે છેતરપીડી ની ફરીયાદ નોંધાવતા ચાણસ્મા પીએસઆઈ બી એસ ચૌધરીએ વધુ તપાસ હાથ ધરી છે

નિખિલ જોષી : પાટણ જિલ્લા બ્યુરોચીફ

## ખંત, ખુમારી અને ખાનદાનીનું પ્રતીક જોગીદાસ ખુમાણના સ્ટેચ્યુને આખરી ઓપ

**ધારાસભ્ય મહેશ કસવાળા દ્વારા શૂરવીરતા પ્રતીકનું કર્યું જાત નિરીક્ષણ**

**અમદાવાદ ખાતે શિલ્પકાર દ્વારા તૈયાર થયેલા જોગીદાસ ખુમાણનું શિલ્પ તૈયાર**



ખાનદાની અને બહાદુરીથી ભાવનગર સ્ટેટ સામે બહારવટુ ખેલીને ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થયેલા જોગીદાસ ખુમાણની સાવરકુંડલા નગરપાલિકાના પ્રાંગણમાં સંત અને શૂરાનું સ્ટેચ્યુ મુકાઇ તે માટે સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાળા દ્વારા અમદાવાદ ખાતે શિલ્પકાર મયુર વકાણી દ્વારા તૈયાર કરવામાં આવેલ સ્ટેચ્યુનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO - 174**
પ્રકાર:પદ્ય
વિષય :છોરું કછોરું
શબ્દ:૧૧૦
લેખક: શ્રીમતી મીનાક્ષી ત્રિવેદી
'મૌની' વડોદરા

લબર મૂછિયો દિકરો ઉત્સાહી,
નિકળ્યો ધંધો કરવા..
થયો મંજુર પ્રસ્તાવ એનો,
પાસ થયું ટેન્ડર એનું..

કરોડોની એ વાત હતી,
ચિંતાનો દોર શરૂ થયો એનો..
મતભેદ થયા ભાગીદારોમાં,
સાથી બધા છૂટી ગયા..

ઢીલા થયા હાથ-પગ એના,
કરવુ શું હવે સમજ પડે ના..
ખાલી હિંમતથી કામ ના થાય,
સાથે જોઈએ વર્કિંગ ટીમ..

પિતા કહેતા જે વાત એ આવે યાદ
વાણી વિવેક ને ધૈર્ય સાથે
રૂપિયા જોઈએ લટકામાં
ત્યારે મળે સફળતા ધંધામાં..

પ્રથમ ગ્રાસે થઈ મક્ષિકા..
માત-પિતા હવે થયા ચિંતિત,
હશે,થાય છોરૂ-કછોરૂ,
દિકરાની ચિંતા માથે લીધી..

દિકરાને સહાય કરવાને
બંગલો મૂક્યો ગીરવે..
ટીમ બનાવી નવેસરથી
ધૈર્ય અને હિંમત સાથે પીઠબળ
આશિષ મળી માબાપની..
મળી સફળતા ખુલ્યા નવા દરવાજા..

શ્રીમતી મીનાક્ષી ત્રિવેદી
'મૌની' વડોદરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 195**
પ્રકાર:પદ્ય
વિષય :છોરું કછોરું
શીર્ષક: મારો લાલો
લેખક: ચંદ્રવદન મહેતા
"માશૂક" અમેરિકા.

૨૨૧૨ ૨૨૧૨ ૨૨૧૨ ૨૨૧૨
આ છોકરાનું શું કરું મારો શ્રવણ બન્યો નથી,
સારું લખું એવો એ તો કાંઈ જરા રહ્યો નથી.

મારો વહાલો ખૂબ છે મારો પ્યારો લાલો છે,
પણ કૃષ્ણની જેવો એમાં ક્યારેય ગુણ ખિલ્યો નથી.

એ દોસ્તોના વાદે તો ખોટો ચઢેલો રખડું છે
માં બાપના કહ્યામાં પણ આમે હવે રહયો નથી.

મારુ એ છોરું મારુ ક્યાં, એ આધુનિક દુનિયાનું છે,
હૃદયને કાયમ બાળવા કરવા સિવા સહયો નથી.

"માશૂક" આતો મનને છે બસ લાગતું બીજાના જોઈ,
છોરું કછોરું થાય પણ આરો કોઈ બચ્યો નથી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્રંર જીજી ર્દ્ર. ૧૮૮
વિષય -છોરું કછોરું
શીર્ષક -" થાય છોરું જયારે કછોરું "
વિભાગ - પદ્ય, શબ્દ -૮૩
લેખક - ?...શ્ર? વિનોદ. મો. સોલંકી "વ્યોમ"
ર્દ્દર્ઝ (ર્દ્દમ), મુ. રાપર.

માતાપિતાનાં સંઘર્ષ પર, ત્યારે પડે જોડું છે;
થઈ જાય છે કોઈ છોરું, જ્યારે કછોરું છે;

ખર્ચાઈ ગયાં સ્વપ્ર પૂરાં કરવાં સંતાનનાં,
અંતે તો જીવન માવતરનું કોરું ને કોરું છે;

કોળિયા મૂક્યાં મુખે, જેણે ચાખી ચાખી!
કપાતરની એ માની થાળીમાં ખાંણુ ખોરું છે;

છલકાઈ રહ્યાં છે જો વૃધ્ધાશ્રમો આજકાલ?
ગર્વની એ વાત નથી પણ એ નિચાં જોણું છે;

કોણ છે જવાબદાર? પુત્ર કે પછી પુત્રવધૂ!
કોઈ એક નહીં જવાબદાર બંને થોડું થોડું છે;

સતત સતાવતાં સંતાનોને પળમાં કરે માફ,
"વ્યોમ" માતાપિતાનું મન કેટલું ભોળું છે?

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 00 51**
વિષય: છોરું કછોરું
શીર્ષક: "અખૂટ માવતર પ્રેમ"
પ્રકાર : પદ્ય

કુળનો કુલદીપ પારણે,
પથ્થર એટલા દેવ..!

સંસ્કારોનું સિંચન કરી,
અખૂટ માવતર પ્રેમ...!

સંતાનના અંતરની ઓળખ,
માઁ જણી માવજત રે..!

ખોટા કાર્યો કરે નહિ,
એવો અતૂટ વિશ્વાસ...!

લાગણીવશ જગની- જનેતા,
સંતાનોની ભૂલો નકારે...!

છોરું-કછોરું થાય,
એવા બચાવપક્ષી બને..!

ભાવવિભોર મા- બાપની,
વાત્સલ્યથી મ્હેંકતું ફૂલ...!

નામ:ઉર્વશી મહેતા અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N. O. G. S. S. No. 0102.**
વિષયઃ- છોરુ કછોરુ,
શીર્ષકઃ- સ્વછંદિ છોકરો.
પ્રકારઃ- ગદ્ય વાર્તા,
શબ્દ સંખ્યાઃ-૨૬૦.
લેખકનું નામઃ-રતીલાલ વાયડા
. રચનાઃ-

શેઠ ધનપાલને બે પુત્રો હતા. તેમાં એક પુત્ર તો કોલેજમાં ભણી અને પોતાના પિતાને મદદરૂપ થતો હતો .બીજો પુત્ર દિલીપ તે ભણવામાં રુચિ ધરાવતો ન હતો એટલું જ નહીં પરંતુ પિતાના પૈસાનો બેફામ દુરોપયોગ કરતો હતો. તેના મિત્રો પણ નઠારા હતા અને તેને જુદા જુદા વ્યસનમા ચડાવી દીધો હતો. એટલું જ નહીં પરંતુ દિલીપ એટલો બધો સ્વછંદિ થઈ ગયો હતો કે તેના પિતા અને મોટા ભાઈ અને ઘરના તમામ વ્યક્તિઓનુ વારંવાર અપમાન કરતો હતો.

એકવાર તેણે તેના પિતાને કહ્યું ?"તમે તમારો આ બધો કારભાર મને સોપીદો . હવે તમારી ઉંમર થઈ છે. તમે નકામા થઈ ગયા છો , અમે આ ધંધો ચલાવશુ. જ્યારે પિતાએ તેને ના પાડી ત્યારે તેઓ ખૂબ જ ગુસ્સે થઈ ગયો . પિતાની જેમ તેમ ગાળો દેવા લાગ્યો એટલું જ નહીં પરંતુ તમારામાં કોઈ અક્કલ નથી. તમને ધંધો કરતા આવડતો નથી , દુનિયામાં કેટલા લોકો આગળ વધે છે . તમે ત્યાં ને ત્યાં જ છો ." તેવા અનેક પ્રકારના મેણા તે મારવા લાગ્યો.

થોડા મહિના પછી ફરી પાછી તેણે એ જ પ્રકારની વાત પિતા પાસે કરી. પિતાએ ઈન્કાર કરતા તે તેને મારવા દોડી ગયો. બીજા નોકરોએ તેને પકડી લીધો અને પિતાને મારવાથી બચાવી લીધા . આમ તે દિવસે દિવસે બેકાબુ બની ગયો હતો.

એકાદ વર્ષ પછી તેના લગ્ન થઈ ગયા અને તે થોડો નરમ પડી ગયો. તેણે તેના પિતાને કહ્યું ."મને તમારી મિલકતમાંથી મારો ભાગ આપી દો અને હું તો જુદો થવા માંગુ છું. તમારાથી અલગ રહેવા માગું છું ." ઘરના બીજા લોકોએ શેઠને કંઈ પણ ન કરવા જણાવ્યું ત્યારે શેઠે કહ્યું. "કંઈ વાંધો નહીં છોરુ કછોરુ થાય ." આપણે તો માવતર છીએ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:182**
પ્રકાર:પદ્ય
વિષય:છોરું કછોરું
શીર્ષક:....ને સુનામી આવશે
નામ: ઈશ્વરી ડૉક્ટર "ઈશ"

નાસમજ આ માનવીને કોણ સમજાવી શકે,
ના જગત જાગીર તારી,દેણ પણ દેવું પડે,
ભૂધરાનાં થાનલેથી ધાવણો ખૂટી જશે,
દૂઝતી આ ગાયને તારે નીરણ દેવું પડે.

સૈનિકો છે વાઢ ના તું, જંગલો કૈં આટલાં,
છે રખેવાળો પહાડો, રાહ કરવા તોડ ના,
જો જતન ના થાય તુજથી, પોષતી આ ભૂમિનું,
શોષવાનું કામ હીણું, તુજ હસ્તકે થાય ના.

કોપશે જો આ જનેતા, હાય એની લાગશે,
સરજશે વંટોળિયાઓ ને સુનામી આવશે,
હિમવર્ષાઓ કૈં થશે ને આ ધરા પણ ડોલશે,
સૂરજ બની સારથિ વળી આગગોળા ફેંકશે.

લાજ છે વાતાવરણ આ, ચીર કુદરતી, મા તણું,
આવરણને ફાડવાની ભૂલ તુજથી થાય તો,
જાનહાનિ ય બહુ થશે ને પાયમાલી આવશે,
ના કહેતો કળિયુગમાં માતા જ છોરું ખાય છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. -160**
વિષય : છોરું કછોરું
શિર્ષક : કડવી વાસ્તવિકતા
પ્રકાર : ગદ્ય ; શબ્દો : ૨૮૦
લેખિકાનું નામ : રશ્મિકા અમીન 'રશ્મિ'

માતા પિતા ખૂબ લાડકોડથી પોતાના સંતાનોનો ઉછેર કરે છે. સંતાન એક હોય કે એકથી વધુ. દિકરો હોય કે દિકરી. માતા પિતાનો પ્રેમ પોતાના દરેક દુલારા માટે અવિરત વહેતાં ઝરણાં જેવો હોય છે. જેમાં ભીંજાય સંતાનો પોતાના જીવનને નવો આકાર તથા નવો આયામ આપે છે.

સમય જતાં કૂણી કૂંપણો વગદાર વૃક્ષમાં રૂપાંતરિત થાય છે. પોતાની શાખાઓને વધુ વિસ્તૃત કરવાની ઝંખનાએ બાગની માવજત કરનાર માળી ઉપેક્ષિત થતો જાય છે. આ કડવી વાસ્તવિકતાનો સ્વીકાર જીવનને હચમચાવી નાખે છે.

એક સમય હતો, જ્યારે સંયુક્ત પરિવાર સંપત્તિ ગણાતો. બધા સાથે હળીમળીને રહેતા. સુખી અને સંપન્ન પરિવાર આજે પણ ઉપલબ્ધિ તથા સંપત્તિનું પ્રતીક ગણાય છે, પરંતુ બધા એક છત નીચે રહે તેવું પરિવાર ભાગ્યે જ જોવા મળે છે. સંપથી સંપન્ન પરિવાર જોતાં આંખો તથા હદયમાં ટાઢક અનુભવાય છે.

પ્રવર્તમાન સમયમાં હું પણું, વિચારોમાં તાલમેલનો અભાવ, દેખાદેખી, જક્કી વલણ, કુસંગ, આધુનિકરણની ઘેલછા વગેરે પરિબળોએ માનવ મનમાં એવો તે ડેરો જમાવ્યો છે કે પોતીકાપણાની વ્યાખ્યા ધૂંધળી થવા લાગી છે. સાચી સલાહ આપનાર વડીલો તથા માતા પિતાની દિવસે દિવસે અવગણના થવા લાગી છે.
કેટલાક કિસ્સાઓમાં પરિસ્થિતિ એ હદે વણસી છે કે પેટે પાટા બાંધી જે મા બાપે છોકરાઓને ભણાવી
આભાર - નિહારીકા રવિયા ગણાવીને પગભર બનાવ્યા, તેઓ ઘરડાં મા બાપનો સહારો બનવા તૈયાર થતાં નથી. માતા પિતાને તરછોડી વૃધ્ધાવસ્થાને હવાલે કરે છે, વળીને પાછું જોવાની દરકાર પણ કરતા નથી. એ માતા પિતાની મનોદશા કેવી થતી હશે? કે 'જેને ઘડપણની લાકડી સમજતા હોય તે જ સામે લાકડી બતાવવા લાગે'.

હાલ પણ ક્યારેક કોઈ સંસ્થામાંથી ફોન આવે કે અમારા વૃદ્ધાશ્રમમાં અન્ન માટે દાતાની જરૂર છે, આપનું અમૂલ્ય દાન તેઓનું એક સમયનું ભોજન બની રહેશે; એ સમયે હૈયું દ્રવી ઊઠે છે. અસ્તુ.

# દ્વારકામાં દેશના સૌથી લાંબા સિગ્નેચર બ્રિજનું ફેબ્રુઆરી અંતમાં પીએમ મોદી કરી શકે છે



દ્વારકા,તા.૯

સ્ટીલ સ્ટ્રક્ચર સાથે બનેલો દેશનો સૌથી લાંબો બ્રિજ અને આઈકોનિક બનેલા સિગ્નેચર બ્રિજનું હવે ટૂંક સમયમાં લોકાર્પણ થઇ જશે. દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે આગામી ફેબ્રુઆરીના અંતમાં સિગ્નેચર બ્રિજ લોકાર્પણ કરવામાં આવી શકે છે. આ બ્રિજ માત્ર ગુજરાત નહી પણ સમગ્ર દેશમાં એક ઈન્ફ્રાટક્ચરની દ્રષ્ટિએ લેન્ડ માર્ક બનશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી માટે સિગ્નેચર બ્રિજ એક ડ્રીમ પ્રોજેક્ટ હતો. કારણ કે વિશ્વ પ્રસિદ્ધ જગત મંદિર દ્વારકાધીશ સૌ કોઈ માટે આસ્થાનું કેન્દ્ર છે. અહી લાખો ભક્તો દ્વારકા દર્શન માટે આવે છે. પરંતુ ઓખાથી બેટ દ્વારકા જવા માટે ફેરી બોટનો ઉપયોગ કરવો પડે છે. પણ આ બ્રિજ તૈયાર થતા હવે સામાન્ય વ્યક્તિ કાર લઇ અવર જવર કરી શકશે.

દ્વારકા એટલે કાળીયા ઠાકરની ભુમી. દેવભુમી દ્વારકા તરીકે ઓળખાતા દ્વારકાની મહિમા વિશેષ છે. આ રમણીય અને પવિત્ર ભૂમી દ્વારકા પ્રવાસન તરીકે પણ વિકસી રહ્યુ છે. શિવરાજપુર બીચ હોય કે સિગ્નેચર બ્રિજ હોય જે આજે દ્વારકા નહીં પણ સમગ્ર ભારત વર્ષ માટે આકર્ષણનુ કેન્દ્ર છે. દ્વારકાના વિકાસમાં વધુ એક મોરપીંછ ઉમેરાયું છે.

ઓખાથી બેટ દ્વારકા જવા માટે હવે ફેરીબોટની મદદ નહીં લેવી પડે. કારણ કે, ૯૭૮ કરોડના ખર્ચે આ 'સિગ્નેચર બ્રિજ' બનીને તૈયાર થઇ ગયો છે. ફોર લેન બ્રિજ ૨.૩૨ કિલોમીટર લાંબો, ૨૭.૨૦ મીટર પહોળાઇ ધરાવે છે અને બન્ને બાજુ ૨.૫૦ મીટર ફૂટપાથ છે

આ બ્રીજ ૨.૩૨ કિલોમીટર લાંબો છે. આ બ્રીજ પર વાહનોની અવર-જવર થઇ શકશે અને પગપાળા ચાલીને જતા યાત્રિકો માટે અહીં વોક વે બનાવવામાં આવ્યો છે. ૨,૩૨૦ મીટર (૭,૬૧૨ ફૂટ) ની કુલ લંબાઈ સાથે, કેબલ બ્રિજ ભારતમાં ૯૦૦ મીટર (૨,૯૫૩ ફૂટ) સૌથી લાંબો કેબલ સ્ટેડ બ્રિજ ધરાવે છે. તે ૫૦૦ મીટર-લાંબા મધ્યમ ગાળા સાથે ત્રણ સ્પાન ધરાવે છે. જે ભારતમાં સૌથી લાંબો છે. બંને બાજુના અન્ય ૩ સ્પાનની લંબાઈ ૧૦૦ મીટર અને ૨ સ્પાન ૫૦ મીટર છે.દરિયા વચ્ચે ૧૩૦ મીટર ઉંચાઇ ધરાવતા પાઇલોન તૈયાર કરવામાં ભારે પવનના કારણે ઘણી સમસ્યાઓ આવી હતી. જ્યારે પવનની ઝડપ ૪૦ કિલોમીટર પ્રતિ કલાક કરતા ઓછી હોય ત્યાર બ્રિજનું કામ કરવામાં આવ્યુ હતું. આ બ્રિજની ખાસિયત એ છે કે, બ્રિજનો ૯૦૦ મીટરનો ભાગ કેબલથી લટકતો રહેશે છતા ઝુલશે નહી આ બ્રિજ પર ૧૫૨ કેબલ લગાવવામાં આવ્યા છે. જેનું વજન ૧૫૦૦ ટન જેટલુ છે.ફૂટપાથ ઉપર લગાવેલા સોલાર પેનલથી ૧ મેગાવોટ વીજળીનું ઉત્પાદન થશે. તેનો ઉપયોગ બ્રિજની લાઈટીંગ માટે કરવામાં આવશે. વધારાની વીજળી ઓખા ગામની જરૂરિયાત માટે આપવામાં આવશે. બ્રિજ પર કુલ ૧૨ લોકેશન પર પ્રવાસીઓ માટે વ્યૂ ગેલેરીનું આયોજન કરવામાં આવશે. બ્રિજ પર રાત્રિ દરમિયાન શણગાર માટે ડેકોરેટિવ લાઇટિંગની વ્યવસ્થા કરવામાં આવશે.

# અમદાવાદ મ્યુનિ.ના રૂ. ૨૦૦ કરોડના ગ્રીન બોન્ડનું બીએસઇમાં લિસ્ટિંગ કરાવતા ભૂપેન્દ્ર પટેલ



તા.૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂ. ૨૦૦ કરોડના મ્યુનિસિપલ ગ્રીન બોન્ડનું બોમ્બે સ્ટોક એક્સચેન્જ બીએસઈમાં લિસ્ટીંગ કરાવ્યું હતું. મુખ્યમંત્રીએ મેયર શ્રીમતી પ્રતીભાબહેન જૈન, ડેપ્યુટી મેયર જતીન પટેલ અને વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે બીએસઈ બેલ રીંગીંગ સેરેમનીથી આ બોન્ડ લિસ્ટિંગ સંપન્ન કર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેટ ઝીરોનું જે લક્ષ્ય સસ્ટેઇનેબલ અને એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી ડેવલપમેન્ટ માટે આપ્યું છે તેને અમદાવાદ મહાનગરપાલિકાએ આ રૂ. ૨૦૦ કરોડના મ્યુનિસિપલ ગ્રીન બોન્ડથી પાર પાડવાની પહેલ કરી છે.

અમદાવાદ મ્યુનિ.એ ગ્રીન બોન્ડ લિસ્ટિંગ કરનારી રાજ્યની પ્રથમ મહાનગરપાલિકાનું ગૌરવ પણ મેળવ્યું છે. અમદાવાદ મહાનગરમાં સાતત્યપૂર્ણ અને પર્યાવરણ સંતુલન સાથેના વિકાસ પ્રોજેક્ટ ગ્રીન પ્રોજેક્ટ માટે આ ગ્રીન બોન્ડ ઉપયુક્ત બનશે. અમદાવાદમાં સ્યુએજ ગટરના પાણીનું શુદ્ધિકરણ કરીને ઉદ્યોગોને વપરાશ માટે આપવા ગ્રીન એનર્જી ઉત્પાદન તથા ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ સહિતના વિવિધ ગ્રીન પ્રોજેક્ટમાં અસરકારક કામગીરી માટે આ બોન્ડ ઈસ્યુ બહાર પાડવામાં આવ્યો છે.અત્રે ઉલ્લેખનીય છે કે, રૂ.૨૦૦ કરોડના રાજ્યના પ્રથમ મ્યુનિસિપલ ગ્રીન બોન્ડનું બીડીંગ ૫ ફેબ્રુઆરીના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સવારે ૧૧ કલાકે ઓનલાઈન બિડિંગ પ્લેટફોર્મ ઉપર શરૂ કરવામાં આવ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો છછ ક્રેડીટ રેટીંગ ધરાવતો સદરહુ ગ્રીન બોન્ડ શરૂઆતની ૪ સેકન્ડમાં જ રૂ. ૨૦૦ કરોડના બોન્ડ સાઈઝ સામે રૂ. ૪૧૫ કરોડનું સબ્સસ્ક્રીપ્શન મળ્યું છે. બિડિંગ સમય પૂર્ણ થવા સુધી જુદા-જુદા ૩૦ ઈન્વેસ્ટર તરફથી રૂ. ૧૩૬૦ કરોડનું સબ્સસ્ક્રીપ્શન થયેલું છે. આમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો રૂ.૨૦૦ કરોડનો ગ્રીન બોન્ડ ૧૩.૬૦ ગણો ભરાયો છે.આ ગ્રીન બોન્ડ લિસ્ટિંગ અવસરે અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભાબેન જૈન, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવ અશ્વિનીકુમાર, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરએમ. થેન્નારસન, ડેપ્યુટી મેયર જતીનભાઈ પટેલ, નાણા વિભાગના ડેપ્યુટી કમિશનર આર્જવ શાહ, બીએસસીના ચીફ બિઝનેસ ઓફિસર સમીર પાટીલ, એસબીઆઇ કેપિટલ માર્કેટના ડાયરેક્ટર એન્ડ પ્રેસિડેન્ટ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રીરામ જન્મભૂમિ મુક્તિ આંદોલનના ૧૫૦૦થી વધુ કારસેવકોનું વિશ્વ ઉમિયાધામ ખાતે કાલે અભિવાદન કરાશે



## વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન એવમ વિશ્વ હિન્દુ પરિષદ અને અખિલ ભારતીય સંત સમિતિ દ્વારા કાર્યક્રમનું આયોજન

સદીઓની કષ્ટદાયક પ્રતિક્ષાનો અંત આવ્યો. પ્રભુ શ્રી રામલલ્લા પોતાના જન્મસ્થાન પર પુનઃ પ્રતિષ્ઠિત થયા. આ અવસર છે - અનેરા આનંદનો, ગૌરવાન્વિત થવાનો. -ભારતીય અસ્મિતાના પુનઃ જાગરણનો. શ્રીરામ જન્મભૂમિ મુક્તિ આંદોલનના હુતાત્મા સંતો, ભક્તો,કારસેવકોના સાદર ઋણ સ્વીકારનો પણ છે. આ અંતર્ગત વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન એવમ અખિલ ભારતીય સંત સમિતિ અને વિશ્વ હિન્દુ પરિષદના સંયુક્ત ઉપક્રમે ‘કારસેવકોના અભિવાદન સમારોહ‘નું આયોજન સંતો - મહંતો તેમજ સામાજીક અને રાજકીય મહેમાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે, જેમાં ૩૦ ઓક્ટોબર ૧૯૯૦ તથા ૬ ડિસેમ્બર ૧૯૯૨ માં અયોધ્યા રામ જન્મભૂમિ મુક્તિ અભિયાનમાં જોડાયેલા ૧૫૦૦થી વધુ કારસેવકોનું તા. ૧૦-૦૨-૨૦૨૪, શનિવારના રોજ સાંજે ૪-૦૦ કલાકે આસ્થા ,એકતા અને ઊર્જાનું ધામ સમા વિશ્વ ઉમિયાધામ, જાસપુર, અમદાવાદ ખાતે કાર સેવક અભિવાદન સમારોહનું આયોજન કરાશે.

આ સમારોહ અંગે વાત કરતા વિશ્વ ઉમિયાધામના પ્રમુખશ્રી આર.પી.પટેલ જણાવે છે કે સન ૧૯૮૪ માં શ્રી રામ જન્મભૂમિ મુક્તિ આંદોલન સમિતિની રચના થઈ. અને ૧૯૮૫ રામજાનકી રથયાત્રાનું (જનજાગરણ) આયોજન અને ત્યારબાદ તા. ૦૯-૧૧-૧૯૮૯ માં સતત ૪૦ દિવસ સુધી કારસેવકોની સતત મહેનતથી રામશીલાનું – ગામે ગામ અભિયાન ચલાવવામાં આવેલ. ૫૦૦ વર્ષની સંઘર્ષ બાદ પ્રભુશ્રી રામ લલ્લા નિજ મંદિરમાં બિરાજમાન થયા છે. આ પ્રભુશ્રી રામ લલ્લાને બિરાજમાન કરવાની ક્ષણના આપણે સાક્ષી બન્યા છીએ એ આપણું સૌભાગ્ય છે. સનાતન ધર્મની મહતાને વૈશ્વિક કક્ષાએ ઉજાગર કરવા કારસેવકોની મહેનત સાથે સમગ્ર હિન્દુ સમાજની લાગણી જોડાયેલ છે.રામ જન્મભૂમિ આંદોલનમાં જે તે સમયે ભાગ લેનાર કાર સેવકોના બલિદાન એવમ તેમની લડતના કારણે આપણે પ્રભુ શ્રી રામ લલ્લાની પ્રતિષ્ઠાને પુનઃસ્થાપિત કરી શક્યા છીએ.

આ અંગે વધુમાં અખિલ ભારતીય સંત સમિતિના અધ્યક્ષ પુ. પૂ.સપ્તમ્ કુવેરાચાર્ય જગદ્ગુરૂ શ્રી અવિચલદેવાચાર્ય મહારાજ એ જણાવેલ છે કે શ્રીરામ જન્મભૂમિ આંદોલનનો હું પણ કારસેવક હતો. અને આજે મને ખુશી છે કે પ્રભુશ્રી રામ નિજ મંદિરમાં બિરાજમાન થયા તે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ક્ષણનો સાક્ષી બન્યો છું. તે મારે માટે ગૌરવની વાત છે. અને આવતીકાલે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અમદાવાદ એવમ અખિલ ભારતીય સંત સમિતિ અને વિશ્વ હિન્દુ પરિષદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ‘કારસેવક અભિવાદનના અધ્યક્ષાશ્રીના સ્થાને પણ હું છું માટે વિશ્વ ઉમિયાધામના પ્રમુખશ્રી આર. પી. પટેલ તેમજ તેમની ટીમ દ્વારા કારસેવક અભિવાદન સમારોહનું ભવ્ય આયોજન કરાયેલ છે તે માટે હું તમામનો આભારી છું.પરંતુ રામ મંદિરના નિર્માણથી લઈને નિયત સમયમાં પ્રભુશ્રી રામલલા ની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા સનાતન વૈદિક ધર્મના વિધિ વિધાન મુજબ ઉજવણી કરવામાં ભારતના આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની પ્રચંડ ઈચ્છા શક્તિ અને અટલ નિર્ણય શક્તિ એ મહત્વનો ભાગ ભજવેલ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૧૧ દિવસનું તપ કરીને એક સંત તરીકેની ની ભૂમિકામાં રહીને જે કાર્ય કર્યું છે તે દેશ માટે ગૌરવની વાત છે.

# હિન્દુ જનજાગૃતિ સમિતિ તરફથી ભારતીય સંસ્કૃતિનું મહત્ત્વ વિશે માર્ગદર્શન તથા વિનામૂલ્ય નાસ્તા વિતરણનો અભિનવ ઉપક્રમ!!




સરીગામ (વાપી) - ૮ ફેબ્રુઆરીના રોજ હિન્દુ જનજાગૃતિ સમિતિ તરફથી વાપી નજીક સરીગામ ના જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ વલસાડ દ્વારા સંચાલિત પ્રાથમિક શાળા - પાગી પાડા, સરીગામ‘ શાળાનાં ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓને નાસ્તા વિતરણનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. સમિતિના કાર્યકર્તા શ્રી પ્રશાંત આર્યેકર, સૌ પ્રીતિ આર્યેકર, સૌ ગાયત્રી સરોદે તથા સંતોષ આળશીએ આ ઉપક્રમમાં ભાગ લીધો હતો. નાસ્તા વિતરણ પહેલા ભારતીય સંસ્કૃતિ અંગે માતા- પિતા, વડીલ અને શિક્ષકોનો આદર કરવો જોઈએ, તેમની આજ્ઞા પાળવી જોઈએ, અભ્યાસમાં ધ્યાન આપવું જોઈએ અને ભોજન કરતી વખતે લેવાની કાળજી વગેરે વિશે નું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.સદર શાળાના મુખ્યશિક્ષક શ્રી દિનેશભાઈ, અન્ય શિક્ષક ગણોએ સંપૂર્ણ સહકાર આપ્યો હતો.

### ગુજરાત સરકારનાં મુખ્યમંત્રી સડક યોજના માંથી બની રહેલ

# ઢોલ્યાઊંબર થી માળગાને જોડતાં રસ્તાનાં નવીનીકરણનાં કામમાં ગોબાચારી



ડાંગ,

ડાંગ જિલ્લા પચતાયનાં બાધકામ વિભાગ હસ્તક ઢોલ્યાઊંબર થી માળગાને જોડતો રસ્તો કિ.મી.૦ થી ૭/૭૦૦ છે જે રસ્તો ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના-૨૦૨૩ માં રૂ.૧,૮૦,૬૩,૯૫૨ રૂપિયા મંજુર કરવામાં આવેલ છે ડાંગ જિલ્લા પચાયત બાધકામ વિભાગ દ્વારા આ કામગીરી રાજેશ.જી.પટેલ,સોનગઢ નામની એજન્સીને કામગીરી આપી છે સરકારનાં નિતિ-નિયમ મુજબ આ કામ માં જંગલનું કટીંગ, ગટરનું કામ,માટીકામ,સ્કેરીફાઈગ,જી.એસ.બી(રાયઝીગ), ડબ્લ્યું.બી.એમ ગ્રેડ-૨(રાયઝીંગ – પેચવર્ક)બીબીસી૩૭.૫ મા.મી કારપેટ ૨૫ મી.મી સિલકોટ ૦.૧૮ ધનમીટર/૧૦ ચોરસ મીટર,ડામર પેન્ટીગ(૫ કિ.મી) રોડ ફર્નિર્ચર,સાઈડ સોલ્ડર,સીડી વર્ક વગેરે કામગીરી કરવાની હતી બાધકામ વિભાગનાં કાર્યપાલક ઈજનેર અને નાયબ ઈજનેર તથા સાઈટ ઈજનેરોનો અને એજન્સીનાં કોન્ટ્રાકટરનાં મેળાપીપણામાં કામગીરીમાં વેઠ ઊતારવામાં આવી છે ઢોલ્યાંઊંબર થી માલગા રસ્તાની સ્થળની નરીક્ષણ કરતાં જાણવાં મળ્યું છે કે એજન્સી દ્વારા ડામર રસ્તાની કામગીરી શરૂ કરી છે જેમાં તેઓએ રસ્તાની શરૂઆત થી નાળાનું જયાં કામ ચાલું છે જયાં કામ ચાલું હોવાનાં સુચનાં દર્શાવતાં બોર્ડ નથી નાળા નાંખવા માટે ખોદવામાં આવેલ ખાડાનાં ફરતે રેડીયમ રીબીન નથી ખોદકામ કરવામાં આવેલ નાળા જોખકારક બની રહયાં રસ્તા પર કપચી,ડામર થી પેચવર્ક કરી રસ્તા ડામર કપચીનો એક થર પાથરી દીધો છે તેનાં પર ઝીણી કપચી નો છંટકાવ કરી ઊપરથી નામ માત્રનો ડામર ચોપડવામાં આવે છે તેનાં કપચીનો પાઊડર પાથરી રસ્તાની કામગીરી પુરી કરી દીધી છે સરકારની નિયમ મુજબ આ રસ્તાની આજુબાજુ ગટર હોવી જોઈએ અહી ગટર નથી રસ્તાનાં આજુબાજુ રોડમાર્જિન ની જમીન માટી પાથરવાની હોય છે અહી માટી પણ પથરાઈ નથી રસ્તાની વચ્ચે અને સાઈડમાં સફેદ- પીળો પટ્ટો હોવાં જોઈએ તે પટ્ટા પણ અહી દેખાતા નથી રસ્તા પર જી.એસ.બી(રાયઝીગ),ડબ્લ્યુંબી.એમ ગ્રેડ-૨(રાયઝીગ – પેચવર્ક)બીબીસી૩૭.૫ મા.મી કારપેટ ૨૫ મી.મી સિલકોટ ૦.૧૮ ધનમીટર/૧૦ ચોરસ મીટર,ડામર ની કામગીરી કરવાની જગ્યાએ માત્ર રસ્તા પર પડેલાં મોટા ખાડાઓમાં કપચી-ડામર નાં માલથી પુરાણ કરી તેનાં એક વાર મોટી કપચી,ડામર અને ઝીણી કપચી તથા ડામરનો છંટકાવ કરી ને કપચીનો પાઊડર નાંખી મુખ્યમંત્રી ગ્રામ સડક તૈયાર કરી દીધી છે જાણ અધિકારીઓએ અને કોન્ટ્રાકટર રસ્તાનું કામ નહી પરંતુ ડામરથી રસ્તાનું લીપણ કરતાં હોય તે દેખાઈ આવે છે

ડાંગ જિલ્લા પચાયત હસ્તકનાં ઢોલ્યાંઊંબર થી માળગાને જોડતો નહી જિલ્લા વિકાસ અધિકારી ડાંગ જિલ્લા પચાયત હસ્તકનાં મોટાભાગનાં રસ્તાઓમાં અધિકારીઓ અને કોન્ટ્રાકટરનાં મેળાપીપણમાં જે ભષ્ટ્રાચાર થયો છે તે સ્પષ્ટ જોવા મળશે તેમાં કોઈ બે મત નથી

# ડાંગ જિલ્લાના ડી.ડી.ઓ.ને અપાયું બદલી વિદાયમાન



આહવા: રાજ્ય સરકારે તાજેતરમાં જ કેટલાક સનદી અધિકારીઓની જાહેર હિતમાં કરેલી બદલીના કારણે ડાંગમાંથી,જિલ્લા વિકાસ અધિકારી તરીકે માત્ર દસ માસની ફરજ બજાવ્યા બાદ વિદાય લઈ રહેલા શ્રી આર.એમ.ડામોરને, જિલ્લા વહીવટી તંત્રે ભાવભીનું વિદાયમાન આપ્યું હતું.

પોતાના ડાંગ જિલ્લાના કાર્યકાળ દરમિયાન સાથી અધિકારી, કર્મચારીઓના મળેલા સહકાર બદલ, આભારની લાગણી પ્રગટ કરતા શ્રી ડામોરે, ડાંગ જિલ્લાની ટૂંકી ફરજ, તેમના માટે કાયમી સંભારણું બની રહેશે તેમ જણાવ્યું હતું.દરમિયાન ડાંગ જિલ્લા વહીવટી તંત્રના વડા એવા કલેક્ટર શ્રી મહેશ પટેલે, જિલ્લા વહીવટી તંત્ર વતી શ્રી ડામોરને તેમની નવી જવાબદારીઓ બદલ શુભકામનાઓ પાઠવી, શાલ ઓઢાડી સ્મૃતિચિન્હ અર્પણ કર્યું હતું.

જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલા જિલ્લા વિકાસ અધિકારીશ્રીના વિદાય સમારંભમાં પોલીસ અધિક્ષક શ્રી યશપાલ જગાણિયા, નાયબ વન સંરક્ષકો સર્વશ્રી રવિ પ્રસાદ અને દિનેશ રબારી, નિવાસી અધિક કલેકટર શ્રી બી.બી.ચૌધરી સહિતના વરિષ્ઠ અધિકારીઓ, અને જુદી જુદી કચેરીઓના જિલ્લા અધિકારીઓ, જિલ્લાના પદાધિકારીઓ વિગેરેએ ઉપસ્થિત રહી, શ્રી આર.એમ.ડામોરને ભાવભરી વિદાય આપી હતી.જ્યારે જિલ્લા પંચાયત ખાતે આયોજિત વિદાય સમારોહમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી શિવાજી તબિયાર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિરલ પટેલ સહિતના શાખા અધિકારી, અને કર્મચારીઓએ વિદાય લઈ રહેલા પંચાયતના વડાશ્રી સાથેના તેમના કાર્યાનુભવો વર્ણવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ડાંગમાંથી વિદાય લઈ રહેલા શ્રી આર.એમ.ડામોરની રાજ્ય સરકારે કૃષિ અને ખેડૂત કલ્યાણ, તથા સહકાર વિભાગના સંયુક્ત સચિવ તરીકે બદલી કરી, નવી જવાબદારીઓ સુપ્રત કરી છે.

# *Lolmanya Bal Gangadhar Tilak Award to Prof. Ramesh Kumar Rawat*



*Registrar of Sikkim Professional University, Prof. Ramesh Kumar Rawat was honored with the Bal Gangadhar Tilak Award on behalf of the Integrated Society of Media Professionals. He received this award from the Vice Chancellor of Hardev Joshi University of Journalism and Mass Communication Jaipur, Rajasthan and Vice Chancellor Incharge of Dr. Bhimrao Ambedkar Law University, Jaipur, Rajasthan, Professor Sudhi Rajeev and President of the Integrated Society of Media Professionals Rajasthan Chapter, Dr. Pooja Singh. Prof. Rawat was also given a citation along with this award.His wife Savita Devi Rawat was also present on this occasion. On this occasion Prof. Ramesh Kumar Rawat, Registrar, Sikkim Professional University and his wife Smt. Savita Devi Rawat presented a memento as a token of respect to Prof. Sudhi Rajiv and Dr. Pooja Singh. During this moment Prof. Sudhi Rajiv gave her best wishes for the growth of the Sikkim professional Universit, Gangtok, Sikkim. On this occasion Prof. Ramesh Kumar Rawat also told that the Sikkim Professional University also running B.Sc. Nursing, GNM, B.Sc. Post Basic Nursing, B.Phatma, D. Phatma, BMLT, DMLT, Law, various arts, pharma, nursing and Allied and Health Sciences courses are running by the Sikkim Professional University Gangtok and Budang Campuses.*

*Dr. Pooja Singh told that this award is given to Prof. Ramesh Kumar Rawat for his contribution in the field of journalism for writing the positive reports and stories and dedication towords the country through such reports and stories. This is also record that Prof. Ramesh Kumar Rawat received various India Book of Records, Asia Book of Records, PRSI award,.PRCI award and various other awards for the book writing, documentary films and contribution in the field of Journalism and Public relations.For this achaievement Prof. H.S. Yadav, Vice Chancellor, Sikkim Professional University, Gangtok, Senior Journalist of Rajasthan Sh. Kalyan Singh Kothari, His (Prof. Ramesh Rawat) fathar Sh. sharwan Kumar Rawat, his Mother Smt. Krishna Devi Rawat, family members and friends express their happyness and congrachulate to Prof. Ramesh Kumar Rawat for receive the award and certificate And adk to achive the same in near future.*



**કેન્દ્ર સરકારે ગેઝેટ પ્રસિદ્ધ કરીને કેન્દ્ર સરકારના સહકારિતા મંત્રાલય દ્વારા ★નેશનલ કો-ઓપરેટીવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (દ્ગઝ્રઙ્ઝ), ન્યુ દિલ્હી★ ની જનરલ કાઉન્સિલની રચના કરેલ છે. જેમાં સભ્ય તરીકે રાષ્ટ્રીય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક્સ ફેડરેશન(દ્ગછઇહ્લઝ્રછઈઙ્ઘ), નવી મુંબઈ અને ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકલ બેન્ક લી.(ખેતી બેંક), અમદાવાદના ★ચેરમેન શ્રી ડોલરભાઈ કોટેચા★ ની નિમણુક થઈ છે. જે ભારત અને ગુજરાતના સહકારી ક્ષેત્ર માટે ખૂબ ગૌરવની વાત છે.**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.